પશુઓમાં મહત્વની બીમારીઓ માટે ઘરઘથ્થુ દેશી ઉપચારની માર્ગદર્શિકા







NDDB ના સૌજન્યથી

સંપર્ક કરો : ડા.વી.જે.ભાવસાર - ૮૧૨૮૬૭૩૮૯૩

ડા.સી.એ.પટેલ - ૮૧૨૮૬૭૩૮૭૨

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

પોસ્ટ બોક્સ નં.૧, મહેસાણા-૩૮૪૦૦૨. ગુજરાત, ભારત

ફોન નં.: (૦૨૭૬૨)૨૫૩૨૦૧, ફેક્સ નં.: (૦૨૭૬૨)૨૫૩૪૨૨),

sagar@mehsanaunion.coop I www.dudhsagardairy.coop

બાવલાનો સોજો / ગળિયો (મસ્ટાઈટીસ)



કુંવારપાઠું





હળદર



લીંબુ



મીઠા લીમડાના પાન



ગોળ



ચૂનો

સામગ્રી :

(૧) કુંવારપાઠું : ૨૫૦ ગ્રામ (૨) હળદર : ૫૦ ગ્રામ (મૂળ અથવા પાવડર) (૩) ચૂનો : ૧૫ ગ્રામ (૪) લીંબુ : ૨ નંગ (૫) એક ખોબા જેટલા કડવા લીમડાના પાન (તાવ હોય તો લેવા) (૬) ખાવાનું તેલ

બનાવવાની રીત :

(૧) આખેઆખા કુંવારપાઠાના પાનના ટુકડા કરી મિક્ષરમાં નાખી બરાબર કુચા રહે નહિ તેમ મિક્ષ કરો. (૨) તેમાં હળદર અને ચૂનો નાખી મિક્ષ કરી મલમ બનાવો. મલમ લાલ રંગનો બનશે તેને અલગ વાસણ કે ડબામાં ભરી લો.

ઉપયોગ કરવાની રીત :

(૧) સૌ પ્રથમ બધા આંચળમાંથી દૂધ દોહી લેવું. (૨) એક મુઠ્ઠી મલમમાં ૧૦૦ મિલિ પાણી નાખી પાતળું મિશ્રણ બનાવો. (૩) બાવલાને ધોઈને સાફ કરો અને બનાવેલ મિશ્રણ ને આખા બાવલા ઉપર ઘસીને માલીશ કરો. (૪) આવી રીતે દર બે કલાકે બધા આંચળમાંથી દૂધ દોહી બાવલા ઉપર માલીશ દિવસમાં ૧૦ વાર એમ પાંચ દિવસ કરવી. (૫) પશુને ત્રણ દિવસ દરરોજ ૨ લીંબુ ખવડાવો. (૬) રાત્રે છેલ્લે સૂતા પહેલાં મુઠ્ઠી મલમમાં પાણીને બદલે તેલવાળું પાતળું મિશ્રણ બાવલા ઉપર ઘસીને લગાડો.

નોંધ :

જો દુધમાં લોહી આવતું હોય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ઉપરાંત ૨ મુઠી મીઠા લીમડાના પાન અને ગોળ મિક્ષ કરી જયાં સુધી લોહી બંધ ના થાય ત્યાં સુધી દિવસમાં બે વાર ખવડાવો.

★ પશુના ખુલ્લા વાડા બીમારી વગરના દાડા ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

આંચળનું મૂઢીયું બંધ થવું / કણી પડવી



લીમડાના
પાંદડાની સળી





હળદર



માખણ

અથવા



ઘી

સામગ્રી :

લીમડાના પાંદડાંની તાજી લીલી સળી, હળદર, માખણ અથવા ઘી

બનાવવાની રીત :

(૧) આંચળની લંબાઈ જેટલી લીમડાની સળી કાતરથી કાપવી ઉપર રેસા ના રહે તેમ (૨) સળી ઉપર હળદર અને માખણ/ઘી નો મલમ લગાડો.

ઉપયોગ કરવાની રીત :

(૧) આંચળ દોહ્યા પછી મલમ લગાવેલ સળીને ઘડિયાળના કાંટાની ઉંધી દિશામાં (સ્ક્રુ ફેરવો તેમ) ફેરવતાં ફેરવતાં આંચળમાં જવા દો (સળીનું મૂઢીયું બહાર રહે તેમ). સળી ફરી વાર દોવાનું થાય ત્યાં સુધી આંચળમાં રહેવા દો.

(૨) સવાર-સાંજ દોહ્યા પછી નવી તાજી સળી ઉપર પ્રમાણે આંચળમાં ચઢાવો. (૩) દરેક દોહન પછી નવી સળીનો ઉપયોગ કરવો.

નોંધ :

આંચળમાં કણી પડયાના તાજા કેસમાં ખૂબ સારું પરિણામ મળે છે.

★ દૂધ ઉત્પાદન પ્રમાણે દાણ આપોને ઉત્પાદન ખર્ચ ઘટાડો ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર
ભારતનું ગૌરવ

આરહો / બાવલામાં પાણી ભરાઈ જવું



ખાવાનું તેલ





હળદર



લસણ

સામગ્રી :

(૧) તલ/સરસિયું/ખાવાનું તેલ : ૩૦૦ મિલિ. (૨) હળદર : ૫૦ ગ્રામ (૩) લસણ : ૧૦ કળી.

બનાવવાની રીત :

(૧) સૌ પ્રથમ ૧૦ કળી લસણ ને ખલમાં વાટીને (લસોટીને) ૩૦૦ મિ.લિ. તેલમાં નાખી ચૂલા/સ્ટવ પર ઉકળવા દો. (૨) આ મિશ્રણને ચૂલા/સ્ટવ પરથી ઉતારી તેમાં હળદર નાખો અને મિશ્ર કરો. (૩) મિશ્રણને ઠંડું થવા દો.

ઉપયોગ કરવાની રીત :

(૧) બાવલામાં જયાં પાણી ભરાયું છે ત્યાં દિવસમાં ત્રણ થી ચાર વાર આંચળમાંથી દૂધ કાઢીને દબાણપૂર્વક આશરે ૨૦ મિનિટ માલીશ કરવી.

(૨) આ રીતે ત્રણ દિવસ માલીશ કરવી.

નોંધ :

બાવલામાં પાણી ભરાવવાથી આરહો છે કે ગળિયો (મસ્ટાઈટીસ) થયો છે તે ચકાસી લેવું.

★ ભેંસ માટે સંપૂર્ણ આહાર એટલે - સાગર ભેંસ દાણ ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

પોક્સ / મસા / આંચળમાં વાઢિયા



લસણ





માખણ



હળદર



લીમડો



જીરું



ડમરો

સામગ્રી :

(૧) લસણ : ૫ કળી (૨) ડમરો / મરવો : ૧૦ પાન (૩) તુલસી : ૧૦ પાન (૪) કડવો લીમડો : ૧૦ પાન (૫) માખણ / ઘી : ૫૦ ગ્રામ (૬) હળદર : ૧૦ ગ્રામ (ચમચી) (૭) જીરૂ : ૨૫ ગ્રામ

બનાવવાની રીત :

(૧) જીરાને પાણીમાં ૧૫ મિનિટ પલાળો (૨) બધી સામગ્રીને મિક્ષરમાં મિક્ષ (લસોટીને) બારીક કરો. (૩) તેમાં માખણ / ઘી ભેળવી મલમ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧) પોકસ /મસા / વાઢિયા મટી ના જાય ત્યાં સુધી શક્ય હોય તેટલી વાર અસરગ્રસ્ત ભાગ ઉપર લગાવો.
(૨) અસરગ્રસ્ત ભાગ સુકો કર્યા પછી મલમ લગાવવો.

★ પશુને રોજ નિભાવ માટે ૧ કિલો સાગર સમૃધ્ધિ દાણ આપો ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

દૂધનો પારહો મૂકવા માટે


જાયફળ




ફટકડી


ખાવાના સોડા


ખસ ખસ


ખાંડ


સંચળ


કાળી જીરી

સામગ્રી :

(૧) ૧ કિલો ખાંડ (૨) ૧૦૦ ગ્રામ ફટકડી (૩) ૧૦૦ ગ્રામ કાળી જીરી (૪) ૧૦૦ ગ્રામ ખસખસ (૫) ૧૦૦ ગ્રામ સંચર (૬) ૧૦૦ ગ્રામ ખાવાના સોડા (૭) ૧૦ નંગ જાયફળ

બનાવવાની રીત / ખવડાવવાની રીત :

આ મિશ્રણનો પાવડર બનાવી સવારે-સાંજે ૫૦-૫૦ ગ્રામ દોહ્યાના અડધા કલાક પહેલાં આપવું. ઓછામાં ઓછા ૧૦ દિવસ આપવું.

★ સાગર બુસ્ટર મિનરલ મિક્ષ્ચર વાપરો ઉણપની બીમારીથી પશુઓને બચાવો ★
★ દુધાળા પશુમાં દર ૧૫ દિવસે છૂપા ગળીયાની તપાસ કરીને દવા કરાવો, ગળીયો અટકાવો. ★
★ ચોમાસામાં દૂધાળા પશુને ૪ કિલો સૂકો ચારો અને મિનરલ પાવડર આપો, હલકા દૂધ, ઓછા ફેટની સમસ્યાથી બચો. ★
★ પડતર પશુનું પ્રમાણ ઘટાડો નફાકારક પશુપાલન કરો. ★

સાગર

દૂધસાગર
ભારતનું ગૌરવ

ઝાડા



સુકી મેથીના દાણા





મરી



ડુંગળી



જીરું



હળદર



ખસ ખસ



લસણ



ગોળ



હિંગ



મીઠા લીમડાના પાન

સામગ્રી :

(૧) કાળામરી : ૧૦ ગ્રામ (૨) મેથી : ૧૦ ગ્રામ (૩) જીરૂ : ૧૦ ગ્રામ (૪) ખસખસ : ૫ ગ્રામ (૫) હળદર : ૧૦ ગ્રામ (૬) હિંગ : ૫ ગ્રામ (૭) લસણ : ૩ કળી (૮) નાની સાઈઝની ડુંગળી : ૧ નંગ (૯) ૧ મુઠી મીઠા લીમડાનાં પાન (૧૦) ગોળ : ૧૦૦ ગ્રામ.

બનાવવાની રીત :

(૧) મેથી પ્રથમ શેકો, પછી તેમાં કાળામરી નાખી શેકો, પછી જીરૂ નાખી શેકો ત્યારબાદ એક સાથે હિંગ, ખસખસ અને હળદર નાખી શેકો આ પ્રમાણેના ક્રમમાં શેકવાથી કશું બળશે નહિ. સામાન્ય ધુમાડો નીકળે એટલે નીચે ઉતારીને તેમાં પાણીની છાંટ નાખી ઠંડું કરો. (૨) ઉપરના શેકેલા મિશ્રણને મિક્ષરમાં મિક્ષ કરો. (૩) હવે લસણ, ડુંગળી, મીઠાલીમડાના પાન અને ગોળ નાંખી મિક્ષ્ચરમાં પેસ્ટ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧) મિશ્રણની નાની-નાની લાડુડીઓ બનાવો. (૨) લાડુડી ને સહેજ મીઠાવાળી કરી બે ભાગમાં સવારે અને સાંજે ખવડાવો. (૩) જરૂર પડે તો બીજા દિવસે નવી લાડુડી બનાવી ખવડાવો. જૂનાકેસમાં ત્રણ થી ચાર દિવસ ખવડાવો.

★ સ્વચ્છ રહેઠાણ નીરોગી પશુ ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

તાવ


ધાણા (બીજ)


લસણ


તમાલ પત્ર


કાળા મરી


જીરું


હળદર




કરિયાતું


નાગરવેલનાં પાન


તુલસી


લીમડો


ડમરો


ગોળ


નાની ડુંગળી

સામગ્રી :

(૧) લસણ :૨ કળી (૨) ધાણા : ૧૦ ગ્રામ (૩) જીરૂ : ૧૦ ગ્રામ (૪) ડામરના પાન : ૧ મુઠ્ઠી (૫) તમાલપત્રના સુકા પાન : ૧૦ ગ્રામ (૬) કાળામરી : ૧૦ ગ્રામ (૭) નાગરવેલના પાન : ૫ નંગ (૮) નાની ડુંગળી : ૨ નંગ (૯) હળદર : ૧૦ ગ્રામ (૧૦) કરિયાતું પાવડર : ૨૦ ગ્રામ (૧૧) તુલસી પાન : ૧ મુઠ્ઠી (૧૨) લીમડાના પાન : ૧ મુઠ્ઠી (૧૩) ગોળ : ૧૦૦ ગ્રામ.

બનાવવાની રીત :

(૧) જીરૂ, કાળામરી અને ધાણાને પાણીમાં ૧૫ મિનિટ પલાળી રાખો. (૨) બધી સામગ્રીની મિક્ષરમાં પેસ્ટ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧) આ પેસ્ટને પશુનું મોઢું ખોલી જીભ બહાર ખેચી ઉપરના તાળવે લગાડવી, દિવસમાં બે-વાર આમ કરવાથી ખુબ સરસ ફાયદો થશે.

★ સૂકો અને લીલો ઘાસચારો કાપીને ટુકડા કરીને આપો ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

ખરવા-મોવાસા-મોઠાના છાલા


જીરું




કાળા મરી


લસણ


હળદર


ગોળ


મેથી


નાળિયેર (શ્રીફળ)

સામગ્રી :

(૧) જીરૂ : ૧૦ ગ્રામ (૨) મેથી : ૧૦ ગ્રામ (૩) કાળામરી : ૧૦ ગ્રામ (૪) હળદર : ૧૦ ગ્રામ (૫) લસણ : ૩-૪ કળી (૬) નાળીયેર : ૧ નંગ (૭) ગોળ : ૧૦૦-૧૨૦ ગ્રામ

બનાવવાની રીત :

(૧) જીરૂ, મેથી, કાળામરીને પાણીમાં ૨૦ થી ૩૦ મિનિટ પલાળી રાખો. (૨) બધી સામગ્રીને હળદર અને લસણ ઊમેરી મિક્ષરમાં અથવા લસોટીને મલમ બનાવો. (૩) મલમમાં એક આખું છીણેલું નાળિયેર (શ્રીફળ) નાખી બરાબર મિશ્ર કરો. (૪) દરેક વખતે નવો મલમ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧) મલમને મોઢામાં, જીભ અને તાળવા ઉપર હળવા હાથે છાલા પડેલ હોય તેના ઉપર લગાવો. (૨) આ મલમ દિવસમાં ૩ વાર, એમ ૩ થી ૫ દિવસ લગાવો.

★ પાણી પહેલાં પાળ રોગ પહેલાં રસીકરણ ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

ખરવા-ખરીમાં છાલા / ચાંદા



વીંછીકાંટો/દદણોના પાન





લીમડાના પાન



લસણ





અથવા

નાળિયેરનું તેલ

તલનું તેલ



મહેંદીનાં પાન



હળદર



તુલસીનાં પાન



સીતાફળનાં પાન

સામગ્રી :

(૧) વીંછીકાંટો/દદણોના પાન : ૧ મુઠ્ઠી (૨) લસણ : ૧૦ કળી (૩) લીમડાના પાન : ૧ મુઠ્ઠી (૪) નારીયેળ/તલનું તેલ : ૨૫૦ મિલિ (૫) હળદર : ૨૦ ગ્રામ (૬) મહેંદીના પાન : ૧ મુઠ્ઠી (૮) સીતાફળ પાન : ૧ મુઠ્ઠી.

બનાવવાની રીત :

(૧) બધી સામગ્રીને મિક્ષ્ચરમાં મિક્ષ કરો. (૨) મિશ્રણમાં ૨૫૦ મિલિ નાળિયેર/તલનું તેલ ઉમેરીને ગરમ કરી ઠંડું થવા દો અને સુતરાઉ કપડાથી ગાળી લો.

ઉપયોગ કરવાની રીત :

(૧) ઘા પર સીધુજ લગાવો અથવા મિશ્રણમાં સ્વચ્છ સુતરાઉ કપડું પલાળી પાટો બાંધો. (૨) જો ઘા માં કીડા પડેલ હોય તો પહેલા દિવસે જ સીતાફળના પાનનો મલમ અથવા કપૂરની ગોટી તેલમાં ગરમ કરી ઓગાળી તેનું રૂ નું પોતું ઘા ઉપર દબાવો અને કીડા મરવા દો. પછી ઉપર પ્રમાણે પાટો બાંધો.

★ સાગર સેક્ષડ સીમેન અપનાવો અને ફકત પાડી/વાછડી જન્માવો ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

મેલી / જર ના પડવી





મૂળો



ભીંડા



ગોળ



મીઠું

સામગ્રી :

(૧) મૂળો : ૪ નંગ (૨) ભીંડા : ૧.૫ કિલો (૩) ગોળ : જરૂરિયાત પ્રમાણે (૪) મીઠું : જરૂરિયાત પ્રમાણે.

બનાવવાની રીત :

(૧) ભીંડાને બે ભાગમાં કાપી દો.

ઉપયોગ કરવાની રીત :

(૧) વિયાણના ૨ કલાકમાં ચાર આખા મૂળા ખવડાવો. (૨) જો ૮ કલાક સુધીમાં મેલી ના પડે તો ૧.૫ કિલો ભીંડા, ગોળ અને મીઠા સાથે ખવડાવો. (૩) જો ૧૨ કલાક સુધી મેલીના પડે તો મેલી ને છેક ઉપરના ભાગે થી ગાંઠ મારીને ૨ ઈંચ નીચેથી કાપી દો. ગાંઠ જાતેજ અંદર જતી રહેશે. (૪) મેલીને હાથથી કાઢશો નહિ. (૫) ૧ મોટી સાઈઝનો મૂળો અઠવાડિયામાં ૧ વખત ચાર અઠવાડિયા સુધી ખવડાવો.

★ પશુને દર છ મહિને કૃમિની દવા આપો ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

ઉથલા મારવા / ઠરવું નહિ


મૂળો




કુવારપાઠું


સાંધાવેલ


સરગવો


મીઠો લીમડો


મીઠું


ગોળ


હળદર

ઉપયોગ કરવાની રીત :

(૧) ગરમીમાં આવ્યાના પહેલા કે બીજા દિવસે આ પ્રક્રિયા ચાલુ કરવી. (૨) નીચે બતાવેલ ક્રમ પ્રમાણે તાજી સામગ્રી પશુને ગોળ અને મીઠા સાથે દિવસમાં એકવાર ખવડાવવી.

(અ) રોજ ૧ મૂળો ૫ દિવસ સુધી **(બ)** રોજ ૧ કુંવરપાઠાનું પાન ૪ દિવસ સુધી **(ક)** રોજ ૪ મુઠ્ઠી સરગવાના પાન ૪ દિવસ સુધી **(ડ)** રોજ ૪ મુઠ્ઠી સાંધાવેલ ૪ દિવસ સુધી **(ઇ)** રોજ ૪ મુઠ્ઠી મીઠા લીમડાના પાન હળદર સાથે ૪ દિવસ સુધી **(ફ)** જો પશુ ગાભણ ના થાય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ફરી એકવાર કરો.

નોંધ :

જો પશુ બગાડ કાઢતું હોય તો મૂળાનો ઉપયોગ કરવો અને બગાડ ના કાઢતું હોય તો ક્રમ (બ) થી પ્રક્રિયા ચાલુ કરવી.

★ પશુ માટે સાગરદાણ સંપૂર્ણ દાણ ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

માટી / ગર્ભાશય ખસી જવું / પૂંહું ભરવું / દિલ કાઢવું



કુંવારપાઠું





હળદર



લજામણી ના પાન

સામગ્રી :

(૧) કુંવારપાઠું ના પાનની જેલ કાઢીલો. (૨) જેલની ચિકાસ નીકળી ના જાય ત્યાં સુધી પાણીથી સાફ કરો. (૩) એક ચપટી હળદર નાખીને મિશ્રણ અડધું થઈ જાય ત્યાં સુધી ગરમ કરો અને ઠંડું થવા દો. (૪) લજામણીના પાનને વાટીને મલમ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧) ખસી ગયેલ માટી (ગર્ભાશય) ને ચોખ્ખા ઠંડા પાણીથી સાફ કરો. (૨) ઠંડા થયેલ મિશ્રણને બહાર નીકળી ગયેલ માટી પર લગાડો. (૩) મિશ્રણ સુકાઈ જાય પછી ગર્ભાશય પર લજામણીના પાનનો મલમ લગાડો. (૪) જયાં સુધી સ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી લગાવતા રહો.

★ આજની પાડી / વાછડી આવતીકાલની દૂધ આપતી ગાય / ભેંસ છે. ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ


આફરો / અપચો


ડુંગળી


લસણ


સૂકાં મરચાં


જીરું




હળદર


ગોળ


મરી


નાગરવેલનાં પાન


આદુ


મીઠું

સામગ્રી :

(૧) ડુંગળી : ૨ નંગ (૨) લસણ : ૧૦ કળી (૩) સુકા મરચાં : ૨ નંગ (૪) જીરૂ : ૧૦ ગ્રામ (૫) હળદર : ૧૦ ગ્રામ (૬) નાગરવેલના પાન : ૧૦ નંગ (૭) ગોળ : ૧૦૦ ગ્રામ (૮) કાળામરી : ૧૦ ગ્રામ (૯) આદું : ૧૦૦ ગ્રામ (૧૦) મીઠું : જરૂરીયાત પ્રમાણે.

બનાવવાની રીત :

(૧) કાળામરી અને જીરૂને પાણીમાં ૩૦ મિનિટ પલાળી રાખો. (૨) બધી સામગ્રીને દળીને **પેસ્ટ** બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧)મિશ્રણની નાની લાડુડીઓ બનાવીદો. (૨) લાડુડીને મીઠા સાથે દિવસમાં ૩-૪ વાર ખવડાવો. (૩) રોજ તાજું મિશ્રણ બનાવી ઉપર પ્રમાણે ત્રણ દિવસ ખવડાવો.

★ દૂધ અને દૂધની ગુણવત્તા એ સમયની માંગ છે. ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

કરમિયા / કૃમિ


ડુંગળી




મરી


લસણ


હળદર


રાઈ


લીમડાનાં પાન


જીરું


ગોળ


કેળનું થડ/પ્રકાંડ


કુબાનાં પાન


કારેલું

સામગ્રી :

(૧) ડુંગળી : ૧ નંગ (૨) લસણ : ૫ કળી (૩) રાઈ : ૧૦ ગ્રામ (૪) કડવા લીમડાના પાન : ૧ મુઠ્ઠી (૫) જીરૂ : ૧૦ ગ્રામ (૬) કારેલા : ૫૦ ગ્રામ (૭) હળદર : ૫ ગ્રામ (૮) કાળામરી : ૫ ગ્રામ (૯) કેળનું થડ/પ્રકાંડ : ૧૦૦ ગ્રામ (૧૦) કુબાના પાન : ૧ મુઠ્ઠી (૧૧) ગોળ : ૧૦૦ ગ્રામ.

બનાવવાની રીત :

(૧) કાળામરી, જીરૂ અને રાઈને ૩૦ મિનિટ સુધી પલાળી રાખો. (૨) ત્યારબાદ બધી સામગ્રીને દળીને મિશ્રણ બનાવો.

ઉપયોગ કરવાની રીત :

(૧)મિશ્રણની લાડુડીઓ બનાવો. (૨) આ લાડુડીને મીઠા સાથે દરરોજ એકવાર ખવડાવી દો. (૩) રોજ નવું તાજું બનાવી ત્રણ દિવસ સુધી ખવડાવો.

★ પશુને ખુલ્લા વાડામાં રાખીને રોગમુકત રાખો. ★

સાગર

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

ઈતરડીની દવા



લસણ





હળદર



લીમડાનાં પાન





ઘાબાજરીયા/વચ્છાનાં મૂળ



ગન્ધારું (રૂખડી)



લીમડાનાં ફળ (લીંબોળી)



તુલસી

સામગ્રી :

(૧) લસણ : ૧૦ કળી (૨) લીમડાના પાન : ૧ મુઠ્ઠી (૩) લીમડાના ફળ (લીંબોડી) : ૧ મુઠ્ઠી (૪) ઘાબાજરીયા/વચ્છાનાં મૂળ : ૧૦ ગ્રામ (૫) હળદર : ૨૦ ગ્રામ (૬) ગંધારૂ (રૂખડી)ના પાન : ૧ મુઠ્ઠી અને (૭) તુલસીના પાન : ૧ મુઠ્ઠી

બનાવવાની રીત :

(૧) બધી સામગ્રીને મિક્ષ્ચરમાં મિક્ષ કરો (૨) મિશ્રણમાં ૧ લીટર ચોખ્ખું પાણી ઉમેરો. (૩) હવે મિશ્રણને ગળણીથી ગાળી લો (૪) ગાળેલ પાણીને સ્પ્રે થાય તેવી બોટલમાં ભરી લો.

ઉપયોગ કરવાની રીત :

(૧) પશુના આખા શરીર પર ગાળેલ પાણીનો સ્પ્રે કરો. (૨) આ સ્પ્રે પશુના વાડામાં અને દીવાલની તિરાડોમાં પણ છાંટો. (૩) એક ચોખ્ખા કપડાને પાણીમાં ભીનું કરીને પણ પશુના શરીર પર લગાવી શકાય. (૪) જયાં સુધી કથીરી જતીના રહે ત્યાં સુધી અઠવાડિયામાં એકવાર લગાડો. (૫) આ પ્રક્રિયા દિવસ દરમિયાન જ કરો.

★ ૨૪ કલાકમાં ફકત બે વખતજ પશુને દાણ અને ચારો આપો. ★

સાગર

બારકોડ NDDB ના સૌજન્યથી

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

દૂધસાગર ભારતનું ગૌરવ

www.jayprinters.in